પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૧ | ૨ એપ્રિલ, ૨૦૧૭, રવિવાર ; ચૈત્ર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કાળા નાણાં મામલે ૩૦૦ કંપનીઓ પર દરોડા

દેશભરની ૩૦૦ કંપનીઓ પર શનિવારે સવારથી એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા કાળા નાણાં સંદર્ભે દરોડા પાડવામાં આવ્યા છે. દિલ્હી-મુંબઈ-ચેન્નાઈ-ભુવનેશ્વર-બેંગ્લોર અને કોલકત્તા જેવા મેટ્રો સિટીમાં ફેક કંપનીઓ પર કાર્યવાહી કરી સો કરોડથી વધુ કાળા નાણાને પકડ્યા હોવાના અહેવાલ છે.

### આઈપીએલ-૧૦ના ઉદ્‌ઘાટન સમારંભમાં ફેબ-૫નું સન્માન



આઈપીએલ ગર્વનિંગ કાઉન્સિલે ફેબ-૫ના નામે જાણીતા દેશના પાંચ દિગ્ગજો સચીન તેંડુલકર, સૌરવ ગાંગુલી, રાહુલ દ્રવિડ, વીવીએસ લક્ષ્મણ અને વિરેન્દ્ર સહેવાગનું પાંચમીએ હૈદ્રાબાદ ખાતે યોજાનાર આઈપીએલ-૧૦ના ઉદ્‌ઘાટન સમારંભમાં સન્માન કરાશે.

### વેસ્ટ મેનેજમેન્ટમાં બેંગ્લોર શ્રેષ્ઠ



શહેરી વિકાસ મંત્રાલયના આંકડા પ્રમાણે ભારતના શહેરોમાં રોજ ૧ લાખ ૫૭ હજાર ૪૭૯ ટન કચરો કાઢવામાં આવે છે. એવામાં વેસ્ટ મેનેજમેન્ટ અનિવાર્ય છે. બેંગ્લોરમાં વેસ્ટ મેનેજમેન્ટની વ્યવસ્થા ખુબ જ સરસ છે. અહીં કચરાને ભીનુ, શુષ્ક અને પેપર જેવી કેટેગરીમાં વિભાજીત કરવામાં આવે છે.

# વ્હીકલ-હેલ્થ ઈન્સ્યોરન્સ વધુ મોંઘા બનશે

**નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ની શરૂઆત સાથે નવા નિયમો લાગૂ : ટેક્સમાં પણ નવા નિયમ : ૨.૫ લાખથી ૫ લાખના સ્લેબમાં આવક ધરાવનારાઓ માટે પર્સનલ ઇન્કમ ટેક્સ પાંચ ટકા : રેલવેમાં વિકલ્પ સ્કીમ : બચત બેંક ખાતામાં નવા નિયમો**




નવી દિલ્હી,તા. ૧

નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ની શરૂઆત આજથી થઈ ચુકી છે. આવી સ્થિતિમાં શ્રેણીબદ્ધ નવા નિયમો જુદા જુદા ક્ષેત્રોમાં અમલી બની ગયા છે. આના કારણે અનેક લાભ થશે. જ્યારે અનેક નુકસાનના પણ ઉઠાવવાના રહેશે. ઈન્કમટેક્સના નવા નિયમો પણ અમલી બની રહ્યા છે. નિયમોમાં કેટલાક ફેરફાર આજથી અમલી બની રહ્યા છે. નવા નાણાંકીય વર્ષમાં નિયમો જે ક્ષેત્રોમાં અમલી બન્યા છે તેમાં ઈન્કમટેક્સ, રિટેલ મૂડીરોકાણકારો, પોષાય તેવા આવાસના ક્ષેત્ર, આઈટીઆર દાખલ કરવાના નિયમ, રેલવે વિકલ્પ યોજના, બચત બેંક ખાતામાં લઘુત્તમ બેલેન્સ નહીં જાળવવા માટે ચાર્જ, બીએસ-૪ વાહનોની નોંધણી અને વેચાણ ઉપર પ્રતિબંધ જેવી બાબતનો સમાવેશ થાય છે. આ ઉપરાંતકાર, મોટરસાયકલ અને હેલ્થ ઈન્સ્યોરન્સ વધુ ખર્ચાળ આજથી સાબિત થનાર છે. ઉપરાંત સાત મોટા વિમાની મથક ઉપર આજથી હેન્ડબેગ ઉપર કોઈ ટેગ લગાવવામાં આવશે નહીં. પહેલી એપ્રિલથી જે ચીજવસ્તુઓ મોંઘી થઈ રહી છે તેમાં સિગારેટ, પાનમસાલા, પેપરમાં રોલ થયેલી અને હાથની

● અનુસંધાન પાન-૭ પર

### જે પિતાનો પણ નથી તે અન્ય કોઈનો ન હોઈ શકે : મુલાયમ

લખનૌ, તા. ૧

સમાજવાદી પાર્ટીના ચૂંટણી પહેલા છેડાયેલી લડાઈ હજુ ખતમ થઈ રહી છે. મૈનપુરીમાં સપાના સંરક્ષણ મુલાયમસિંહ યાદવે આજે પોતાના પુત્ર અખિલેશ યાદવની સામે મોટું નિવેદન કર્યું હતું. મૈનપુરીમાં આયોજિત એક કાર્યક્રમમાં મુલાયમસિંહ યાદવે કહ્યું હતું કે, જે પુત્ર પોતાના પિતાના હોઈ શકે નહીં તે કોઈના હોઈ શકે નહીં. છેલ્લા કેટલાક વર્ષોમાં તેમનું આટલું અપમાન થયું નથી. યુપી ચૂંટણીમાં પ્રચાર દરમિયાન વડાપ્રધાન મોદીએ પોતાની રેલીમાં કહ્યું હતું કે, જે પુત્ર પોતાના નથી તે સામાન્ય લોકોના હોઈ શકે નહીં. આ બાબત બિલકુલ યોગ્ય હતી.

# યુપીમાં માયાવતી સામે બળવાના એંધાણ

**અનેક નેતાઓ ભારે નારાજ : એક પછી એક હારના કારણે પાર્ટીના કાર્યકરોમાં પણ નિરાશા : લોકસભા અને ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં બહુજન સમાજ પાર્ટીના સફાયા બાદ માયાવતીની કાર્યપદ્ધતિથી નિરાશા**

લખનૌ,તા. ૧

પહેલા લોકસભા અને હવે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં બહુજન સમાજપાર્ટીની કારમી હાર થયા બાદ પાર્ટીના કાર્યકરો અને ધારાસભ્યોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. માયાવતીની સામે બળવો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આગામી દિવસો માયાવતીની સામે પડકારરૂપ રહી શકે છે. માયાવતીની સામે બળવો કરવાની તૈયારી કેટલાક સભ્યો કરી ચુક્યા છે. તેમની કામ કરવાની રીતથી તમામ લોકો નાખુશ છે. બહુજન સમાજ પાર્ટીમાં બળવો થવાના સંકેત હવે દેખાવવા લાગી ગયા છે. ૧૪મી એપ્રિલના દિવસે આમ્બેડકર જંયતિના પ્રસંગે એક રાજકીય મંચ બની શકે છે. આ મંચને પ્રદેશમાં બહુજન સમાજ પાર્ટીના વિકલ્પ તરીકે ગણવામાં આવે છે. આને લઈને પાર્ટીમાં ખેંચતાણની શરૂઆત થઈ ચુકી છે. પાર્ટીના પૂર્વ વિધાન પરિષદના સભ્ય અને માયાવતી સરકારમાં પ્રધાન રહી ચુકેલા કમલાકાંતચ ગૌતમ અને માયાવતીના પૂર્વ ઓએસડી ગંગારામ આંબેડકરે ૧૩ એપ્રિલના દિવસે

● અનુસંધાન પાન-૭ પર

# ગોમતી રિવરફ્રન્ટમાં તપાસના હુકમ

**સેવા નિવૃત્ત જજ દ્વારા તપાસ કરવામાં આવશે : ૪૫ દિવસમાં તપાસ રિપોર્ટ રજૂ કરવા આદેશ**

લખનૌ,તા. ૧

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવના ડ્રીમ પ્રોજેક્ટ રહી ચુકેલા ગોમતી રિવરફ્રંટની ન્યાયિક તપાસના આદેશ જારી કરી દીધા છે. સેવા નિવૃત્ત જજ રિવરફ્રંટ પ્રોજેકટમાં વિલંબ થવા આડે અનિયમિતતામાં તપાસ કરશે. ૪૫ દિવસની અંદર તપાસ રિપોર્ટ રજૂ કરવામાં આવનાર છે. થોડાક દિવસ પહેલા જ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોમતી રિવરફ્રન્ટનો

● અનુસંધાન પાન-૭ પર


શ્રી ભુવનેશ્વરી પીઠ - ગોંડલ દ્વારા આયોજીત
ફ્રી આયુર્વેદિક નાડી-નિદાન કેમ્પ
તા. ૨/૦૪/૨૦૧૭, સમય : સવારે ૯:૩૦ થી ૧, સાંજે ૫ થી ૮
શ્રી વેલકેર
શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિરની સામે, ચીપ ટાઈપ શોપીંગ સેન્ટર સેક્ટર-૬/ડી, ગાંધીનગર
ફોન કરીને એપોઈન્ટમેન્ટ લેવી. ફોન : ૨૩૨૪૧૪૧૫, મો.૯૮૭૯૩ ૪૮૦૪૮

શિક્ષકો જોઈએ છે
રોયલ સાયન્સ સ્કૂલ
(ગુજરાતી માધ્યમ)
B.Sc. B.ed. / M.Sc. B.ed. - 05
(ગણિત, અંગ્રેજી, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન)
(પગાર ૧૮,૫૦૦ થી ૩૨,૦૦૦)
આપની વ્યક્તિગત માહિતી, અનુભવના પ્રમાણપત્રો લઈને તા. ૬/૪/૨૦૧૭ સુધીમાં સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ કલાક સુધીમાં રૂબરૂ મળવું.
રોયલ સ્કૂલ કેમ્પસ, (દહેગામ-બાયડ હાઈવે), તા. દહેગામ, જી. ગાંધીનગર. ૦૨૭૧૬-૨૬૬૪૮૧, ૯૫૭૪૪૫૩૩૩૪
B.E. કરેલ ઉમેદવાર પણ અરજી કરી શકશે.

સ્પે. ભાલીયા ઘઉંના ખાખરા
શ્રી ભાગ્યલક્ષ્મી મહિલા ગૃહ ઉદ્યોગ
પ્લોટ નં. ૧૪૭, શોપીંગ સેન્ટરની બાજુમાં, સેક્ટર-૮, ગાંધીનગર
મો. ૯૫૭૪૫ ૬૪૯૩૬

AT FURNITURE HOME (MOTERA) | FACTORY OUTLET BRAHMANI ISO 9001:2015 Since : 1980 | MANOJ FURNITURE
SUMMER SPECIAL OFFER
આકર્ષક ગીફ્ટ





5 Years Warranty
0% Interest with BAJAJ Finance સરળ હપ્તે
GOLD PACKAGE ₹1,60,000
•1 Corner Sofa •1 Bed (6 x 6) •1 Teapoy •1 W/D (4 door) •1 Full Size TV Unit •1 Side Table •1 Dinning Table (6 + 1) •1 Mattress
SILVER PACKAGE ₹1,12,000
•1 Sofa (3 x 2) •1 Bed (6 x 5) •1 Teapoy •1 W/D (3 door) •1 Half Size TV Unit •1 Side Table •1 Dinning Table (4 + 1) •1 Mattress
AT FURNITURE HOME — Sunday open — MANOJ FURNITURE
F-23/35 Srushti Arcade, Motera Gandhinagar Cross Road, Nr. S Mall, Motera, A bad. 9426049596, 9904721821
S/1, Sachin Tower, Nr. Dhananjay Tower, 100 ft. Road, Satellite,A bad 9924481238, 9227250337

॥ જય હાટકેશ ॥
ઘરનું શુદ્ધ શાકાહારી ટીફીન સર્વિસ
સાત્વિક, સ્વાદિષ્ટ ઘરે બનાવેલું શાકાહારી, ગુજરાતી ભોજન
જાન્હવી ગૃહ ઉદ્યોગ
Call : 9924684206 9924684208
હોમ સર્વિસ ફ્રી (ગાંધીનગર-કુડાસણ-સરગાસણ)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

હાર્દિક અભિનંદન





શ્રી સત્યદીપસિંહ પરમાર
કોષાધ્યક્ષ
પ્રદેશ ગુજરાત યુવા મોરચો
આપની ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના કોષાધ્યક્ષપદે થયેલ નિમણુંકને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ.. આપની રાજકીય કારકિર્દી વધુ ને વધુ ઉજ્જ્વળ બને એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...





શ્રી અમરતભાઈ દેસાઈ
ઉપપ્રમુખ
ગાંધીનગર મહાનગર ભાજપ
આપની ગાંધીનગર મહાનગર ભાજપમાં ઉપપ્રમુખ પદે થયેલ નિમણુંકને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ... આપની ઉજ્જ્વળ રાજકીય કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવીએ છીએ.

મહેન્દ્રસિંહ રાણા
(પૂર્વ મેયર, ગાંધીનગર)
સર્વદમનસિંહ વાઘેલા (અંબોડ)
રિપુદમનસિંહ વાઘેલા (અંબોડ)





॥ શ્રી આગિયાવીર વૈતાલ નમઃ ॥
પધારો ભાંખર.... જાહેર આમંત્રણ
રથ પ્રસ્થાન સાંજે ૬.૩૦ કલાકે ‖ માંડવી રાત્રે ૧૦.૩૦ કલાકે
પધારો ભાંખર....
॥ શ્રી હરસિધ્ધ માતાય નમઃ ॥
આથી ધર્મપ્રેમી જનતાને જણાવવાનું કે, ભાંખર ગામે શ્રી આગિયાવીર વૈતાલ તથા શ્રી હરસિધ્ધ માતાજીનો ભવ્ય મેળો ચૈત્ર સુદ સાતમને તા.૩/૪/૨૦૧૭ને સોમવારના દિવસે ભરાશે. તો દરેક ભાવિકજનોએ દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.
શ્રી આગિયાવીર વૈતાલ તથા શ્રી હરસિધ્ધ માતાજીનું મંદિર ઊંઝા તાલુકાના ભાંખર ગામે આવેલ છે. જેનું નિર્માણ વિક્રમ રાજા વખતે લાખા વણજારાએ કરેલ લાખા વણજારાને બાળકના વેશમાં પરચો આપેલ તેથી આગિયાવીરનું મંદિર બનાવેલ અને તેનો પુનરોધ્ધાર સિધ્ધરાજ સોલંકીએ કરેલ. ચૈત્ર સુદ સાતમના દિવસે સાંજે ૬.૩૦ કલાકે રથ નિકળશે. રથમાં શણગારેલા ચાર બળદ જોડવામાં આવે છે. રથને ગાડા ઉપર તૈયાર કરવામાં આવે છે. રાત્રે ૧૦.૩૦ કલાકે ૩૨ મશાલથી બનાવેલ માંડવી કાઢવામાં આવે છે. તેના ઉપર બાધાનું તેલ ચઢાવવામાં આવે છે. તેમાં તલનું તેલ ચઢાવવામાં આવે છે અને મેળામાં શુકન જોવાય છે.





મું. ભાંખર, તા.ઊંઝા, જિ.મહેસાણા
"ધજા દેખે સુખ ઉપજે, દેવળ દેખે દુઃખ જાય, દર્શન કરીએ આગિયાવીરના, અંગ અંગ પાવન થાય"